આકાશ

પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો

'શૈશવ' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **'શૈશવ'**. તમારી મૌલિક કૃતિ અમને 28-11-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

- Email:sannari@gujaratmitra.in
- સંપાદક

હાઈકુ

અંતરિક્ષમાં
પંખી તણી પાંખોમાં
સપના ફૂટે

***

આભ વરસે
ધરતી લીલીછમ
ચાદર ઓઢે

***

મેહૂલો વર્ષે
મેઘધનુષ બને
નીલગગને

***

આકાશમાંનો
અગ્નિગોળો ધરાને
આપે પ્રકાશ

- **રેખા બાબુલાલ વડગામા (રાજકોટ)**

વાદળ ગરજે આકાશથી

વર્ષા વરસે આકાશથી
ધરતી છે આ ચૂપચાપ પણ
વીજળી કડકે આકાશથી
તોફાની આ વરસાદમાં
અગ્નિ ભડકે આકાશથી
ચાંદ, સૂરજ તારાની શમા,
જગમાં પ્રગટે આકાશથી.
મોહિન વાવ, સરોવર નદી,
સાગર છલેક આકાશથી

મોહિન મલિક (સુરત)

આકાશ

આસમાની રંગે સફેદ ઘેરી ઝાંય,
આભે ઓઢણી જેવી રંગીન છાંય.
ઈચ્છા ઊડવાની એટલી ઊંચી,
ઊડીએ જેટલું, સીમા ન કોઈ.
અજવાળે ભૂરું આકાશ દેખાય,
અંધારે કાળું રૂપ ધારણ થાય.
પાંચે તત્ત્વનું તત્ત્વ છે એક,
અનંત આકાશનો નથી કોઈ છેડો.
બનાવ્યું કોણે આ આશ્ચર્ય અનેક?
રહસ્ય પામીએ તો બેડો થાય પાર.

- **સીમા પરીખ (સુરત)**

આકાશ

વિહરતાં પક્ષીઓ આકાશે મુક્ત મને,
સાયવજે માનવી એનું જીવન આકાશે!
પતંગ, રોકેટ, આતશબાજી શોખ તારાં,
બની ન જાય ક્યાંક પક્ષીનાં જીવ હરનારાં!

- **શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**

હાઈકુ

સીમા ક્યાં તારી ?
પૂછ્યું આકાશને,
હસીને ચૂપ!

***

ખર્યો તારો ને,
મૂંગુમંતર આભ,
મૌન જ સત્ય!

***

આભ થયો હું,
માન્યું હેત તો ટકે,
દૂર દૂરથી!

- **હેમંતકુમાર ટી. નાયક (નવસારી)**

જવું છે આસમાનને પેલે પાર

નીકળ્યો ઘરના ઉંબરેથી
માણવા ભરપૂર વ્યોમને
આપવા દીકરીને ભરપૂર પ્રેમ
ટૂંકું પડી ગયું જાણે આસમાન
ઉડાન ભરવી છે ખૂબ ઊંચે
જવું છે આસમાનને પેલે પાર
માપવી છે આકાશની અનંતતા
માણવી છે સુંદરતા આકાશની
વિહરવું છે મન ભરીને આભમાં
મળવું છે મારે પ્યારા ચાંદામામાને
જોવા છે ઝગમગતા તારલાઓને
ભીડવી છે બાથ મારે સૂરજદાદાને
ગર્જના કરી રહ્યાં વાદળો ગગનમાં
વરસ્યો મુશળધાર વરસાદ નભ માંહેથી
નીચોવાઈ ગયું જાણે આખું આકાશ
ભીંજાયો 'જેએમ' મન ભરીને

- **ડો. જે. એમ. નાયક (નવસારી)**

લઘુ કાવ્યો

શબ્દની આંખે
કવિ આકાશ પાછળના આકાશમાં
ઊડતાં
પંખીઓ જોઈ શકે છે!

***

ઝાકળ ભીનાં ફૂલો
સુંઘવા આકાશ
ધરા પર મારા ઉપવનમાં આવ્યું!

***

આકાશમાં ઊડતાં
સસલાઓ એટલે
ધોળાં ધોળાં વાદળાં.

* * *

જગતના માનવીઓનાં દુઃખો જોઈ
આકાશની આંખમાંથી આંસુઓ તે -
વરસાદ !!!

- **રમેશ પટેલ (સુરત)**

ઈચ્છાઓનો પહાડ

આખ્ખે આખ્ખા
આકાશને આલિંગન
આપવા આતુર અસ્તિત્વ
આકાશ મારામાં
હું આકાશમાં
ઊડે એક પીછું
પંખી થવાની ઇચ્છાઓનો
પહાડ લઇને
મને થાય હુંય
આકાશ થઇ જાઉં
જોવા સૂરજ, ચાંદા, રાત્રીને
ચકચકતા પ્રકાશને
અસ્તિત્વમાં એકાકાર
કરવા ફરી વળું.

- **શિવપ્રિયા શુક્લ (સુરત)**

હાઈકુ

'આકાશ'..... એક આશા
ગગન આંબે અભિલાષા,
હૈયે છે અમી આશા;
ગમે તેટલી હોય રાત અંધારી,
કિરણ બની ચમકે મંજિલ
આપણી

***

આકાશને અડવાની હો લગની,
તો અંધારું પણ રસ્તો કરે છે;
વિશ્વા વિશ્વાસની એક પાંખ કાફી છે,
મંઝિલ સુધી પહોંચવા માટે

- **ઐશ્વર્યા આર. પટેલ (મહુવા)**

આસમાન

નીલ વર્ણ સમું નિરભ્ર છે કેવું આસમાન,
તાગ એનો પામી શકે ના દેવ, દાનવ, ઈન્સાન.
એની બાંહોમાં સમાવે છે એ સૂરજ, ચંદ્ર ને તારા,
ચાંદની શીતળ ફેલાવે, એની ઝુકાવીને ગગનધારા.
કદી થાય એ નિરભ્ર તો કદી વાદળોથી ઘેરાય,
એની કૃપા વરસે તો વરસે, વર્ષા બની મેઘરાય.
કોરીકટ ધરતીને એ મબલખ પાકથી ભરી જાય,
એ જો ખફા થાય તો અવની પર દુકાળ વરતાય.
વિશાળ હૃદય એનું છે એને કોઈથી ના વેર,
તારલિયા, સૂરજ, ચાંદ, નક્ષત્ર એની છાયામાં લહેરાય.
આસમાન દે સંદેશો કે દરિયાદિલી રાખો,
વાદળ ગમનાં છવાય તોય ખુશીથી એને સાંખો.

- **યોગેશભાઈ આર જોષી (હાલોલ)**

આસમાન

આસમાનની ઊંચાઈ જોઈને
એક સપનાએ ઉડાન ભરી
આકાશમાં વિહરવાની
વાદળોને નજદીકથી સ્પર્શવાની
તેના અવનવા કુદરતી રંગોને માણવાની
ને વિજ્ઞાને વિમાનની શોધ કરી
ને આકાશના શણગારને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો
થોડી ઘણી અનુભવી આકાશની બહાર.
આવા આકાશ જેવા ઊંચાં સપનાં
હજુ માનવીને ઘણી ઊંચાઈઓ સર કરાવશે
આશાનો દીવો, ઈરાદાઓ આકાશ જેવા જ બુલંદ,
તો તે ચમકતો, દમકતો જરૂર જ્યોત ફેલાવશે

- **મંગેશ ઉપાધ્યાય (સુરત)**

આકાશનું અદ્‌ભુત સૌંદર્ય

મનના આકાશમાં ભાતીગળ સ્વપ્નોની
અનુપમ દુનિયા અને કલ્પનાની
પાંખોની ઊંચેરી ઉડાન હોય છે!
સુરમ્ય પંખીઓનું કલરવતું આકાશ
સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, ઉપગ્રહોનું આલય છે.
આકાશના રંગબેરંગી વિવિધ
આકારોથી સુસજ્જિત વાદળોનું પણ
અનોખું સામ્રાજ્ય હોય છે!
શીતળ, શુભ્રાંગના ચાંદનીનો સ્રોત ચંદ્ર,
અનલ વરસાવતો આકાશ-દીપ સૂર્ય.
આકાશથી વરસે સોનેરી કિરણો
ક્યારેક હિમ તો ક્યારેક વરસાદ
આકાશનું કેવું અદ્‌ભુત સૌંદર્ય હોય છે!
માનવ મનનાં અકળ આકાશનું પણ ક્યારેક
સૌમ્ય તો ક્યારેક રૌદ્ર રૂપ હોય છે !

- **ચંદ્રપ્રભા આર. કુંવર (સુરત)**

અનંતનો અહેસાસ

જ્યારે આખી દુનિયા સૂઈ જાય છે,
ત્યારે એક આ આભ જાગતું રહે છે.
મારા અધૂરાં સપનાંની વાતો,
મૌનથી એ ચૂપચાપ સાંભળતું રહે છે.
મનના ખૂણે છુપાયેલી વાતો,
તારી સામે આવીને ઠરે છે.
હું ઉપર જોઉં છું ને લાગે છે,
કોઈ મૌન રહીને પણ મને સમજે છે.
આંખોમાં આંસુ ભરાય ત્યારે,
વાદળ બની તું પણ રડે છે.
કંઈ પૂછ્યા વિના, કંઈ કહ્યા વિના,
મારા દુઃખને તું વહેંચી લે છે.
ઘર ભલે બદલાય, શહેર ભલે છૂટે,
પણ આ નભ તો સાથે જ રહે છે.
એક સાચા સાથીની જેમ,
તું જ દરેક પળે મને સંભાળી લે છે.

- **નિરાલી ઠોરિયા (મોરબી)**